સાલ : ૧૭ / સિલસિલાવાર નંબર : ૧૫૬ / શુમારો : ૬

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૧ / જૂલાઇ-ઓગસ્ટ ૨૦૨૦

# તૌહીદની શહાદત

**"લા ઈલાહા ઈલ્લલ્લાહ"**, આ કલેમાથી અપને તમામ બાખૂબી વાકિફ છે. અપના મઝહબે ઈસ્લામની આ બુનિયાદ છે. અઝાન અને ઈકામતની આનાથી જ ઈબ્તેદા છે. જન્નતમાં જાવાની આ ચાવી છે. દાઅવતના હર પહેલૂને જાણવા-સમઝવાનો આ એક વાહિદ રસ્તો છે. તૌહીદની જે વક્ત ગુફતગૂ થાય તો તમામ ઈશારાત અલ્લાહતઆલા તરફ જાય છે. તે વાસ્તે અપના અકીદા ઘણા ગહેરા અને દલીલો બુરહાનથી ભરેલા છે.

અલ્લાહતઆલાની તૌહીદ, વહેદાનીયત યા એકોકારી વાસ્તે અપનો અકીદો અને દિલનું યકીન એ છે કે, તે અલ્લાહ જૂનો-કદીમ છે, ઝિંદા છે, એક છે, એકલો છે, બેનિયાઝ છે, હમેશા રહેનાર યાઅની અબદી-અઝલી છે. તે એ મુજબ પહેલો છે કે જેના પહેલા બીજું કોઈ નથી. તે એવો છે કે જેના વાસ્તે ઝમાનાનો તસવ્વુર કામ લાગતો નથી. **તમામ ચીઝ ફના અને ખતમ થઈ જાશે તે બાદ પણ તે બાકી રહેશે.** તેના વાસ્તે કોઈ હદ કે બંદિશ નથી. દિવસ-મહીના-સાલ તેને કૈદ કરી શક્તા નથી. તેનું જિસ્મ નથી કે જેની કોઈ તારીખ હોય. તમામ ચીઝોને તે પૈદા કરનાર અને અદ્દત-લાવુજૂદ માંથી વુજૂદમાં લાવનાર છે.

કોઈ પણ ચીઝ વુજૂદમાં આવે તો તેમાં કારીગરનું થકાન, ઔઝારની તૂટફૂટ અને હાલાતની તબ્દીલી પૈશ આવે છે. પણ અલ્લાહતઆલાએ હર ચીઝને થકાન, તકલીફ, હરકત અને સુકૂન બગૈર પૈદા કીધી છે. એવું નથી થયું કે, અલ્લાહે પહેલી વાર કોઈ એક જહાનને પૈદા કીધું પછી તેમાં ખામી નઝર આવી અને તે ખામીઓને દૂર કરવા પહેલા જહાનની મિસાલ પર બીજા જહાનને પૈદા કીધું! નહીં, નહીં! બલ્કે પહેલી જ વારમાં તેએ આ પૂરા જહાનને કોઈ ખામી કે તબ્દીલીની ગુંજાઈશ બગૈર કોઈ તરહનો માદ્દો-મટીરીયલ-પદાર્થ બનાવા બગૈર એક જ ઝટકામાં પૈદા કીધું છે. આમાં તેની કોઈ હાજિત-ગરઝ નથી કે, તેએ તન્હાઈથી ગભરાઈને ડરને દૂર કરવા આ જહાનને પૈદા કીધું હોય? બિલકુલ નહીં.

બસ! તો તે, તે જ **"અલ્લાહ"** છે કે જેના સિવાય બીજો કોઈ **"ઈલાહ"** - ખુદા નથી. "ઈલ્લા" - મગરનો લફઝ તેના વાસ્તે નથી. તે એકલો છે, તે અટલ છે. માઝી, હાલ કે મુસ્તકબિલનો વક્ત તેને બદલી શક્તો નથી. એક મકાનથી બીજું મકાન નકલ કરવાની કૈફીયત તેના વાસ્તે નથી. ઝમાનો તેના ઉપર કોઈ અસર કરી શક્તો નથી. તેને કોઈ મલાલ, હમ-ગમ હોતો નથી. તેને તાઝગીનો જોશ કે સુસ્તી-કમ્ઝોરી આવતી નથી. **તેને પોતાના કબ્ઝા-કાબૂ માંથી કોઈ ચીઝ ફૌત થાવાનો કે છુટી જાવાનો ડર લાગતો નથી.** તેથી તેના અમલમાં-ફેસલામાં-હુકમમાં કોઈ તાખીર કે જલ્દબાઝી હોતી નથી. તે કોઈ ચીઝને હાસિલ કરવા અમલ કરતો નથી. દૂરી કે નઝદીકીનો સવાલ તેના વાસ્તે ઊભો થાતો નથી.

તે ખૂબ-ખૂબ જાણકાર છે, ખબરદાર છે, જેનું ઈલ્મ તમામે તમામને ઘેરી લે છે, તેમાં કોઈ જ શક નથી. તે હાકિમે કામિલ છે પણ કોઈના પર ઝુલ્મ કરતો નથી. તે કાઈમ છે કે, જેને ઝવાલ નથી. તે સાબિત છે જેના હાલાત કોઈ વક્ત બદલાતા નથી. તેને ન ઝોકો આવે છે, ન ઊંઘનો ગલબો થાય છે. ગલતી, ભૂલ કે ગફલત તેના વાસ્તે નથી. તે પાક છે અને ગુમ્રાહને સીધી રાહ બતાવવા અસ્બાબને તૈયાર કરે છે. તેનો કોઈ અમલ ઝાયેઅ થાતો નથી યા તે કીધા બાદ (બકીયાહ પેજ નં. ૨ પર)

**અલ્લાહતઆલાની સૌથી પહેલી તખ્લીક કલમ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

તેને મલામત થાતી નથી. તે હર ચીઝથી ઊંચો છે અને તેના તરફ હર ચીઝ હિફાઝતની મોહતાજ છે. તે કુદરતવાલો છે, તાકતવાલો છે અને તમામ ઝાહિરી-બાતિની ચીઝો તેના નઝદીક ઝુકે છે. કોઈ તેના મુકાબેલા પર આવી શક્તી નથી. તે હર વક્ત હર ચીઝને સંભલનાર છે અને હર જગા પર હર ચીઝને જોનાર છે.

અપના દીનની શુરૂઆત જ તે અલ્લાહની માઅરેફત છે. માઅરેફત એવી કે, દિલથી માનવું, ઝબાનથી બોલવું અને જિસ્માની આઅઝાથી કરીને બતાવવું કે તે ખાલિક છે અને અપને મખ્લૂક છે. ખાલિક છે, તો મખ્લૂક છે. **મખ્લૂકનું ખાલિકના નઝદીક ઝુકવું જ માઅરેફતની ઈબ્તેદા છે.** જો આ અમલ અપને કરીએ તો હકીકતમાં તેને તૌહીદ કહેવાય. આ તૌહીદની શહાદત વાસ્તે તરહ-તરહના રસ્તાઓ છે. આ તૌહીદનો નિઝામ એવો બનેલો છે કે, મુમિન પહેલા તેની પાક-સાફ અક્લથી, દિલની ચોખ્ખાઈથી તે અલ્લાહને સિફતો-નામોથી બરી કરી દે. કેમકે, ઈન્સાને તેની સમઝ મુજબ સિફત બનાવી, તાઅરીફ કીધી અને તે પણ નક્કી કીધું કે આ સિફત કોના વાસ્તે કરવામાં આવે. લેહાઝા હર સિફત, સિફત કરનાર અને જેના વાસ્તે સિફત થાય, તે તમામ પર ઈન્સાનનો કાબૂ છે. **ઈન્સાનના કાબૂની ચીઝોનો અલ્લાહતઆલા કોઈ વક્ત મોહતાજ ના હોઇ શકે.** આ સબબ છે કે, હર પૈદાશુદા ચીઝ એક શાહિદી આપે છે કે, તેનો એક ખાલિક છે કે જેની કોઈ સિફત નથી યા તે કોઈ સિફતનો હાજિતમંદ નથી.

એ તો મખ્લૂક છે કે, જે એકબીજાની તાઅરીફ કરે છે અને તાઅરીફ કરનારની મોહતાજ છે. આ બેવે ચીઝો સિફત-મૌસૂફ એકબીજાથી અલગ થાતા નથી. હરએક પૈદાશુદા ચીઝો - મખ્લૂક એમ શહાદત દે છે કે, તે હમેશા રહેનાર નથી, તેની સિફત એક જેવી રહેનાર નથી, તેથી તે ખાલિક નથી. જે શખ્સે જાહિલે અલ્લાહતઆલાને કોઈ ચીઝમાં યા વક્તમાં યા ઝમાનમાં બંદિશ આપવાની કોશિશ કીધી, તો તે માઅરેફતથી ખાલી છે. જેએ તેની સિફત યા કૈફીયત બયાન કીધી તો એ શખ્સ અલ્લાહની તૌહીદથી ખાલી છે. જેએ અલ્લાહના ખાલિક હોવામાં શક પૈદા કીધો તેએ અલ્લાહનો ઈકરાર ના કીધો. **જેએ અલ્લાહને કોઈ ચીઝમાં મહેદૂદ કરી દીધો તેએ તસ્દીકે ઈલાહીને મુકી દીધી.** જેએ અલ્લાહની મિસાલમાં કોઈ હમસરી યા બરાબરી કાઈમ કીધી તો એ મુમિન રહ્યો નહીં. જેએ અલ્લાહની તરફ કોઈ હાજિતમંદીનો ઈશારો કીધો તો તેએ અલ્લાહની બેનિયાઝીને ના ઓલખી. જેએ તેને કોઈ શિક્લો સૂરત આપી તો તેએ અલ્લાહને સમઝવામાં કુસૂર કીધો. જેએ તેને કોઈ હિસ્સામાં તકસીમ કીધો તેએ અલ્લાહની નમનતાઈ અને રહેમત કુબૂલ ના કીધી. જેએ પોતાના દિમાગમાં પોતાના ખયાલથી અલ્લાહને વાસ્તે કોઈ સૂરત બનાવી તો આ ફક્ત તેનો વહેમ છે મગર અલ્લાહ સાથે તેની કોઈ નિસ્બત નથી.

હર કોઈ ચીઝ કે જેને કોઈ તબકો, દરજો, ઝાત, રિશ્તા, કિરદાર આપવામાં આવે તે ફક્ત ઈન્સાને બનાવેલા છે. તેની ઓલખાણ તે ચીઝ તક જ મહેદૂદ છે. કોઈ પણ ચીઝ કે જેને બાકી રાખવા વાસ્તે યા કાઈમ કરવા વાસ્તે કોઈ બીજી ચીઝનો સહારો લેવો પડે તો તે ચીઝ સહારો આપનાર પર મબ્ની છે. બસ! અપને તો હૈરાનીમાં અલ્લાહતઆલાની આ બેશુમાર તખ્લીકાતથી તેના એક હોવા પર દલીલ તલબ કરીએ છીએ અને અપની કોતાહ અક્લની મદદથી તે અલ્લાહની માઅરેફતનો અકીદો મઝબૂત કરીએ છીએ. નાનામાં નાની તેની પૈદાશુદા ચીઝોથી તેની વહેદાનીયતની હુજ્જત સાબિત થાય છે અને તેની લાતાઅદાદ આયતોથી તેના ખાલિક-માલિક હોવા પર દલીલ કાઈમ કરવામાં આવે છે.

અલ્લાહતઆલાએ પોતાના અને પોતાની મખ્લૂક દરમિયાન એક હિજાબને પૈદા કીધો છે. આ જુદાઈ તે વક્ત તક રહે છે જહાઁ તક અલ્લાહની માઅરેફતનું નૂર બંદાના દિલમાં દાખિલ ના થઈ જાય. જે વક્ત આ નૂર દાખિલ થાય કે ફૌરન આ હિજાબ ઉઠી જાય છે. માઅરેફત રાખનાર અલ્લાહના જલ્વાને દિલની આઁખથી જોઈ છે અને માઅરેફત ના રાખનાર

(બકીયાહ પેજ નં. ૩ પર)

**સૌથી પહેલી દાઅવત અક્લે અવ્વલની દાઅવત છે.**

(પેજ નં. ૨ નું બાકી)

આઁખ હોવા છતા અંધો બની જાય છે. અલ્લાહતઆલાએ તેની મખ્લૂકની ઝિંદગીની ઈબ્તેદા કીધી તે એ વાત પર દલીલ છે કે, તે ખુદની કોઈ ઈબ્તેદા રાખતો નથી. જો એમ હોય તો તેની ઈબ્તેદા કરનાર કોઈ બીજો હોય, જે નામુમ્કિન છે. તમામ શુરૂ થાનારની શુરૂઆતનો શુરૂનો કરનાર અલ્લાહ જ છે અને તે જ આ શુરૂ થાનાર ચીઝને ખત્મ કરનાર છે.

અલ્લાહતઆલાએ તેની મખ્લૂકને જિસ્માની આઅઝા-હિસ્સા-આલાત-અદવાતથી નવાઝા જે એ વાત પર શાહિદ છે કે, તે ખુદ કોઈ જિસ્માની અંગ-ઉઝવ બગૈરનો છે, કેમકે, અંગવાલાઓ પોતાના અંગને બનાવવાવાલાના મોહતાજ હોય છે. જિસ્મને વુજૂદમાં તે જ લાવે કે, જે લાજિસ્મ હોય. તેથી આ જિસ્માની ઝબાને પૈદા કીધેલા જેટલા નામો છે તે ફક્ત તાઅબીર અને ઈશારાની બિના પર છે, હકીકત બિલકુલ નથી. તેના હિકમતે અમલીના મુતઅલ્લિક કંઈ પણ કુસૂરવાલી ઝબાનથી કહેવું તે કમ્ઝોર દિમાગોને સમઝાવવું છે. તે અલ્લાહની ઝાતે મુકદસ એક હકીકત છે અને મખ્લૂક હલાકતમાં પડનાર છે. **ફરક આ જ છે કે, હલાક થાનારી મખ્લૂક ફાની છે અને હકીકી અલ્લાહ બાકી છે.**

ઈન્સાન બીજી ચીઝોની હદબંધી કરે છે અને અલ્લાહતઆલા ઈન્સાનની હદ મુકર્રર કરે છે. હર મહેદૂદ ચીઝની હદ બાંધનાર પોતે લામહેદૂદ હોય છે અને તે અલ્લાહ સિવાય બીજું કોઈ નથી. જેએ તેની સિફત-તાઅરીફ બયાન કીધી તે જાહિલ છે. જેએ તેનું નામ રાખું તે ગુનાહગાર છે. જેએ તેની હુશિયારી બયાન કીધી તે ખતાવાર છે. જેએ તેની કૈફીયત બયાન કરવા **"કૈફા" - "કેવો"** કહ્યું, તે શખ્સે તેની સૂરતની નકલ બનાવી અને જેએ તેને કોઈ મકાનમાં બતાવો અને કહ્યું **"ઐના" - "કહાઁ છે?"** તો તેએ અલ્લાહની જગાને તય કીધી અને તેને એક હદમાં બાંધી દીધો. આ કામ કાફિર કરે છે.

"હદ" નો મુઆમેલો એવો છે કે, તેના વાસ્તે જગા અને મકાનની ઝરૂરત પડે છે. જે વક્ત કોઈ કોઈને હદમાં બાંધી દે તો તે ગિન્તીમાં આવી જાય છે. ગિન્તીનો પૈદા કરનાર તો અલ્લાહતઆલા છે. તો અપને મજબૂર થઈને જે ગિન્તીમાં પહેલું હોય, યાઅની "એક" અને "પહેલો" તે અલ્લાહ વાસ્તે કહીએ છીએ. તૌહીદની બુનિયાદ જ આ છે કે, જેથી ગિન્તી શુરૂ થાય. જે શખ્સે એમ કહ્યું કે, **"લેમા" - "શું યા શું કામ?"** મતલબ કે કોઈ ઝાતના વુજૂદનો સબબ બયાન કીધો તો તે સબબ તે ઝાત વાસ્તે મન્સૂબ થઈ ગયો. કોઈ પણ સબબ અલ્લાહતઆલાની મશયત પર હાવી નથી.

જેએ એમ કહ્યું કે, **"મતા", "ક્યારે"** તો તેએ અલ્લાહને ઝમાનામાં અને વક્તમાં કૈદ કરી દીધો. જેએ એમ કહ્યું કે, **"ફીમા", "કઈ ચીઝ છે આ જગામાં"**, તો તેએ અલ્લાહને કોઈ ચીઝ સાથે જોડીને શામિલ કરી દીધો. જેએ એમ કહ્યું કે, **"એલા મા", "વક્તના લેહાઝથી ક્યાર તક"** તો તે શખ્સે અલ્લાહને કોઈ અરસા તક મહેદૂદ કરી દીધો. જેએ એમ કહ્યું કે, **"હત્તા મા", "ક્યાર તક તે રહેશે"** તો તેએ અલ્લાહને આજિઝ-કમ્ઝોર સમઝો અને આ તમામ ચીઝો એક મુલ્હિદ-નાસ્તીક સિવાય બીજું કોઈ બોલી કે વિચારી શકતું નથી. જેએ તેને હિસ્સાઓમાં યા કામોમાં તકસીમ કરી દીધો તો તેએ ઝાતે પાક અને અમરે ઈલાહીના ટુકડા કરી નાંખા. એવો શખ્સ તો ઈમાન અને તૌહીદનો કટ્ટર મુખાલિફ કહેવાય.

અલ્લાહતઆલા તેની મખ્લૂકના બદલવાથી બદલાતો નથી અને કોઈની હદબંધી કરવાથી તેની હદ બંધાતી નથી. તે એક છે, ગિન્તી કરવાથી તે બાકાત છે, અતૂટ છે, જિસ્મથી બેપરવાહ છે, તેની હર ચીઝ બાતિન છે મગર તે પડદામાં છુપાયેલો નથી, તે ઝાહિર છે પણ નઝરના સામે નથી, તે તેની તજલ્લી બતાવે છે પણ આઁખોંથી નઝર નથી આવતો, તે દૂર છે મગર ફાસલાના લેહાઝથી નહીં, ઈરાદાથી કામ કરનારો છે મગર મજબૂરીથી નહીં. **તે દૂર પણ છે મગર તેની દૂરી માપી શકાય એમ નથી, તે તકદીર રાખે છે પણ હરકતો-ફિકર બગૈર.** ગની છે મગર મૌજૂદા અને અછત ચીઝોથી ફાયદો લઈને નહીં. જોઈ છે પણ આઁખોં બગૈર.

(બકીયાહ પેજ નં. ૪૫૨)

**શરીઅત લઈને આવનાર સૌથી પહેલા નબી મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) છે.**

(પેજ નં. ૩ નું બાકી)

અલ્લાહતઆલા વકતમાં કૈદ નથી. તે મકાનમાં ઘેરાયેલો નથી. સિફતોથી તાઅરીફ કરવામાં આવેલો નથી. હર હદને બનાવનાર છે. તે કોઈ હથિયારમાં સમાયેલો નથી. તે હતો, છે અને રહેશે. વકતનો પૈદા કરનાર તે છે અને વકતના સબબ જ પહેલા અને છેલ્લાનો તસવ્વુર છે. તેની હમૈશગી પહેલાથી જ સાબિત છે. અલ્લાહતઆલાના ૯૯ નામો કે જેની ઝિક્રથી હર ઈમાનદાર આશ્ના છે, જો તેની માઅના અને સિફતોને ઈર્દગિર્દ છુપાયેલી ઘણી હિકમત અને ગહેરી વાતોની બયાની બારીકાઈથી કરવામાં આવે તો શાયદ એક અલગ મોટી કિતાબમાં આ બયાન તબ્દીલ થઈ જાય. અપને યહાઁ બયાનને મુખ્તસર કરીએ છીએ, પણ **તૌહીદની આ શહાદત** હરએક મુમિન વાસ્તે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના નઝદીક મીસાકો બયઅતની શિકલમાં કરવી, ફરઝ અને વાજિબ બની જાય છે. ✯

(પેજ નં. ૧૫ નું બાકી)

તો, અંધારાની વહેશતમાં જે વક્ત કઈ જ ના દેખાતું હોય તેમાં ગુમ્રાહી અને ભુલથી ઠોકર ખાવાનો અને પડી જાવાનો ડર હમેશા રહે છે. જો કાફિરો અલ્લાહની આ નિશાનીનો રાઝ ના સમઝા તો અફસોસ કે, તેઓના કાન અને આઁખોં બેકાર છે.

આઁખ અને કાનથી અકસર જાણકારી ઈન્સાનને હાસિલ થાય છે. આ તરહ ઈલ્મી ચીઝો તેના ઝહેનને ફાયદો પહોંચાડે છે. **દિમાગ તરફ જાનાર જો આ બે રસ્તા જ સહી-સાલિમ ના રહે તો દિમાગનો હાલ બેહાલ થાવામાં વાર લાગતી નથી.** આઁખ અને કાનના દરબાર જો નૈકીઓથી બારોશન હશે તો દિમાગી મહેલ બા-શાનો શૌકત ઈમાનથી ઝીનતદાર બનશે. ✯

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર : કિસ્ત-૫

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, મારા આબાઓ અજદાદ જે શરીઅત લઈને આવા અને જે રસ્તાની હિદાયત દીધી તે કઈ તંગ નથી. મગર આ શરીઅત તો ઘણી જ કુશાદહ છે. આ શરીઅતની બુનિયાદ ખૂબ મઝબૂત છે. હર સવાલનો જવાબ તેમાં મૌજૂદ છે. આપ ફરમાવે છે કે, અગર કોઈ શખ્સ મરીઝ હોય અને તેની ખબર પડે તો ફૌરન તેની ખબરગીરી કરવા જવાય નહીં. અગર ઘરનો કોઈ શખ્સ હોય, યા કોઈ સાથે ગહેરો રિશ્તો હોય, તો બિના અલગ છે. **મગર તે સિવાય કોઈના વાસ્તે કોઈના ઘર પર ત્રણ દિવસ પહેલા ઈયાદત-પુરસી કે હાલચાલ પૂછવા કે જોવા જવાય નહીં.** આનો સબબ એ છે કે, મરીઝની દવા-દારૂ, ઈલાજ અને તે વાસ્તેના ઈન્તેઝામાત ચાલતા હોય, એવા હંગામમાં કોઈના ઘર પર તફતીશ વાસ્તે જાવું તે મુનાસિબ નથી. આ સાથે બીમાર-મરીઝની બીમારીને લઈને તેના અહલો અયાલ દોડાદોડીમાં હોય, શશોપંજમાં હોય અને ગિરફ્તારે ફિકર હોય. શરીઅતમાં એમ હુકમ આવેલો છે કે, બૈરો કોઈની ઈયાદત-પુરસી વાસ્તે જાય નહીં. તેના મહેરમદાર વાસ્તે કોઈ કૈદો-બંદિશ નથી કે રોકટોક નથી.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) તરફ ઈયાદત-પુરસીની અદબો વાસ્તે બીજું બયાન એવું આવેલું છે કે, તમેં જે વક્ત કોઈ બીમારની ખબરગીરી કરવા જાવ અને તે કૈદે બિસ્તર હોય અને હજી કુલ્લી શિફા ના થઈ હોય તો તેના નઝદીક કોઈ ચીઝ ખાય-પી નહીં. અગર ઘરના લોગો તે વાસ્તે ઈસરાર કરે ઝિદ કરે તો તેઓથી ઈલ્તેમાસ કરીને વાતને તાલી દે. બીમારના નઝદીક જમનની લઝઝત ઉઠાવવી તે અદબથી ખિલાફ છે. જો અગર આમ બને તો મિઝાજ-પુરસીનો અજર-સવાબ ઝાયેઅ થઈ જાય છે. અજર જો ઝાયેઅ થાય તો પછી મરીઝના હક્કમાં કીધેલી દોઆની પણ કોઈ ઈઝઝત બાકી રહેતી નથી. જાણે કે, ઈયાદત અને ઝિયાફત એક થઈ ગયા હોય. ✯

**દુનિયામાં સૌથી પહેલું મકાન બયતુલ્લાહ બનાવવામાં આવું છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૧
## અલવી અકીદાઓ - અકીદો - ૧૬ અને ૧૭

**મુકદ્દેમો-પ્રસ્તાવનાઃ**

દુનિયાના આ દારે ફિત્નત અને દૌરે શયતાનીમાં દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) પોતાની હર દોઆમાં અને મુમેનીન-મુખ્લેસીન બારગાહે ઈલાહીમાં એમ જ ઈલ્તેજા ગુઝારે છે કે, અલ્લાહતઆલા ઈમામુઝઝમાન (અ.સ.) ને ઝાહિર કરે અને આપ મૌલા જલ્દ-અઝ-જલ્દ ઝુહૂર ફરમાવે. આપના હાથ પર ઈન્સાફ કાઈમ થાય અને આપ મુમેનીનની મહેનત-કશીદગીને દૂર કરે.

હમારા આ અકીદાઓને ૨૧ માં ઈમામ મૌ. અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) ના મિસિરથી ૫૨૮ હિ. માં સતરમાં જાવા પછી તેને જમા કરીને કિતાબમાં દરજ કરવામાં આવા છે. દોઆતે ઘણી મહેનત કરીને આ ખિદમતે અઝીમહને અંજામ આપેલી છે. **આ અકીદાઓ ઐન શરીઅતના પાયાઓ અને કાનૂન પર દારોમદાર રાખે છે.** બીજા ઈસ્લામી ફિરકાઓ સાથે હમારા આ અકીદાઓને કઈ જ સરોકાર નથી. ખાસ યાદ રહે કે, સુન્ની-શીઆના અકીદાની મુજબ હમારા તૈયેબી મઝહબનો તે અકીદો નથી કે, કોઈ ઈમામ ઝિંદા હોય અને પડદામાં ચાલા જાય, કોઈ જગામાં ગાઈબ થઈ જાય અને સદીઓ તક ઝિંદા રહે, તેને મૌત આવે જ નહીં અને એ જ ગાઈબ થયેલા ઈમામ સદીઓ બાદ પણ ઝાહિર થાય!

બલ્કે, હમેં એમ અકીદો રાખીએ છીએ કે, હમારા ૨૧ માં ઈમામ મૌ. અત્તૈયેબ (અ.સ.) જે આલે મોહંમદ માંથી ઈમામે હક્ક છે તેની જ નસ્લે પાકમાં ઈમામત જારીયહ, કાઈમહ અને ચાલુ છે. હક્કની આ મઝબૂત રસ્સી એવી છે કે, જેમાં સિલસિલાવાર બાવાજી પછી ફરઝંદ એમ કેયામતના દિન તક કોઈ રૂકાવટ બગૈર આ દુનિયામાં ફાતેમી મસ્નદ પર લોગોને હિદાયત દેવા અને હક્કની દલીલને ઝિંદા રાખવા આવા કરશે. હક્કની ઈમામતની નિશાની એ જ છે કે, **દુનિયાની દૌલતની તાકતથી નહીં મગર રૂહાની ઈલ્મી તાકતથી મુમેનીનના દિલોને ઈમાનની તરબીયત આપે.**

અલ્લાહતઆલા કુરઆને હકીમમાં ફરમાવે છે કે, અય રસૂલ! આપ મુન્ઝિર છો. યાઅની લોગોને અઝાબે ઈલાહીથી ખૌફ અપાવનાર છો. બીજું એ કે, અલ્લાહએ કૌમોને તેના હાલ પર નથી છોડી દીધી. મગર હર કૌમ વાસ્તે એક હાદી મુકર્રર હોય છે. આ હિકમત મુજબ આપ લોગોને હિદાયત આપનાર છો. ૧૪ માં ફાતેમી ઈમામ મૌ. મોઈઝ (અ.સ.) ના ઝમાનમાં મિસિરના ચીફ જસ્ટીસ સૈયેદના કાઝી નોઅમાન સાહેબ (આ.કુ.) ઉપર મઝકૂર આયતમાં કૌમની માઅના એક જમાઅતની નથી લેતા મગર હર તે જગાના લોગો કે જેમાં અલ્લાહએ ઈમાનનો મલ્બો અને તાકત મુકેલી હોય તે જગા પરથી એક હાદીના હાથ પર દીને હક્કનું નૂર ઝાહિર થાય છે.

હવે, આ આયતની બીજી જાનિબ નઝર કરીએ તો આમ લોગોમાં **"કૌમ"** અને **"હાદી"** વાસ્તે ઘણી બધી ગૈર-સમઝ માઅલૂમ પડશે. આજના આઝાદ ખયાલ રાખનાર અને તંગ વિચાર કરનાર લોગો એમ કહે છે કે, હર કૌમના એક હાદી છે, નઉઝોબિલ્લાહ. આમ કહીને એ લોગો એમ જતાવે છે કે, અલ્લાહના રસૂલ યા વલી સિવાય પણ કોઈ પણ કૌમના સરદાર હોય પછી તે કાફેરીન યા મુશ્રેકીનનો ગિરોહ હોય, તેઓની કમઅક્લી અને જેહાલત ના સબબ, એવી બેશુમાર ગૈર-ઈસ્લામી કૌમોના રઈસો અને સરદારોને અલ્લાહતઆલા તરફથી મુકર્રરશુદા માને છે. યાઅની કે, આમ સમઝ મુજબ અલ્લાહતઆલાએ મોકલેલા **૧ લાખ ૨૪ હઝાર અંબિયામાં** તે ગૈર-ઈસ્લામી સરદારોને પણ શુમાર કરે છે.

સુબ્હાનલ્લાહ! આ અહમકોની અકલને દાદ દેવી જોઈએ કે, એક ગુમ્રાગહ અને નાફરમાન કૌમના રઈસ જે (બકીયાહ પેજ નં. ૬ પર)

**કબરમાં સૌથી પહેલો સવાલ નમાઝનો થાશે.**

(પેજ નં. ૫ નું બાકી)

લોગોના બલ પર સરદાર બનેલો હોય તેને નબીનો દરજો કઈ હેસીયતથી આપી શકાય! આ અહમકોને એ પણ ખબર નથી કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અંબિયાના આખિર અને ખાતિમ છે અને આપની મુબારક સવારી આ દુનિયાને છોડીને ગઈ, તે બાદ અલ્લાહ તરફથી આ જહાનમાં કોઈ નબી આવનાર નથી. તો પછી કોઈ પણ મશ્હૂર-તાકતવાર શખ્સ યા કોઈ કૌમ-ફિરકાના રઈસને નબીના ઊંચા મકામ પર નાહક્ક બેસાડીને અલ્લાહની આ આયતે શરીફહ કે “વલે કુલ્લે કૌમિન હાદિન”, યાઅની હર કૌમને વાસ્તે એક હાદી હોય છે, તેની ગલત માઅના કરે તો સાફ-સાફ કુફ્ર સાબિત થાય છે. શું રસૂલુલ્લાહ બાવાજીના વફાત બાદ પણ ઈસ્લામી યા ગૈર-ઈસ્લામી બેશુમાર કૌમોના જે જે મોટાઓ કે, તે મઝહબના સરદારો થયા તે તમામ નબી સાહેબ યા તે પહેલાના પાક અંબિયાના હમપલ્લા હોઈ શકે? હમશાન હોઈ શકે?

અહલુલ બૈત (અ.સ.) આ આયતે શરીફહની આકેલાના માઅના એ મુજબ બયાન ફરમાવે છે કે, હર કૌમના હાદીનો મતલબ, હર ઝમાનામાં આલે મોહંમદ (સ.અ.) માંથી એક ઈમામનો છે. તે હક્કતઆલા તરફથી હશે અને ઈન્સાફ કરનાર હશે. આ ઈમામનો દરજો, નબીના દરજાથી નીચો હોય છે. નબી **“મુન્ઝિર”** બનીને આવે છે. લોગો અમલમાં કુસૂર કરે તો તેઓને સખ્ત કલામ કહીને નૈક રાહોરવી તરફ ઉમ્મતને લઈ જાય છે. આપના બાદ આવનાર આપના વસી અને વસીની ઔલાદ-આલે અત્હર માંથી જે પાક ઈમામો પધારા, **તે ઉમ્મતના હાદીઓ હોય છે.** આ એક ઈમામ સેંકડો દાઈઓને તૈયાર કરે છે જે અલગ-અલગ જગાઓ પર જઈને ઈમામની દાઅવત પહોંચાડે છે. હર વક્ત ઈમામની કોશિશ એ જ હોય છે કે, અલ્લાહ અને તેના નબીના કલામ મુજબ શરીઅતની સમઝ રાખીને લોગો સીધા રસ્તા પર કાઈમ રહે. એક સાદી અને આસાન સમઝ એ થાય છે કે, નબીની ઝિમ્મેદારી લોગોને સિરાતે મુસ્તકીમ-સીધા રસ્તા પર લઈ જાવાની છે અને આપના બાદ આવનાર આપના જાઁનશીન અઈમ્મતે તાહેરીન (અ.સ.) ની ઝિમ્મેદારી આ લોગોને સીધા રસ્તા પર અકીદાની બંદિશમાં સાચવીને રાખવાની છે.

**✵ અકીદો ૧૬: અલ્લાહતઆલા વાહિદ પણ છે અને અહદ પણ છે.**

તે અલ્લાહની એકોકારી પર હમેં અકીદો રાખીએ છીએ. તે એક છે અને તેની મખ્લૂક અનેક છે. તેને કોઈ નર યા માદાના તબકામાં લઈ શકાય નહીં. તે ખુદ હર જિન્સમાં નર-માદાને પૈદા કરનાર છે. તે હમારો એક જ માઅબૂદ છે જે ઈબાદતને લાઈક છે. તે ખૂબ પહેલાથી છે, જૂનીમાં જૂની ચીઝોનો પૈદા કરનાર છે. તે જીવતો-જાગતો છે, એક છે, એકલો છે, બેનિયાઝ છે, હમેશા રહેનારો છે, હમેશાથી છે, કેયામત બાદ પણ રહેશે. એવો અવ્વલ છે કે, એના પહેલા કોઈ જ ન હતું. તેના તક કોઈ ઝમાનો પહોંચી ન શકે. કોઈ તસવ્વુર તેને આંકી ન શકે. તે એવો બાકી છે કે, તેએ પૈદા કીધેલી હર ચીઝ ફાની છે. તેની વહેદાનીયતનો ઈકરાર કીધા બાદ જ બીજી ગિન્તીઓથી ફાયદો લઈ શકાય છે. **“એક”** તે કલમ છે અને કલમમાં દુનિયાનું ઈલ્મ છે. તે **“વાહિદ”** છે, કેમકે હમેં તેની ઈલાહીયતમાં કોઈને શરીક કરી શક્તા નથી. તેને એક કે એકલો બનાવવામાં કોઈએ મદદ કીધી નથી.


**✵ અકીદો ૧૭: અલ્લાહતઆલા બે નથી હોઇ શક્તા.**

ઈલાહીયતમાં, ખુદાઈમાં, માલિકીયતમાં, ખાલિકીયતમાં તેનો કોઈ શરીક-ભાગીદાર હોઈ શક્તો નથી. તેની પૈદાઈશે મખ્લૂકની ચાલમાં યા કારીગરીના કામમાં કોઈ હમશરીક હોય શક્તું નથી. દર-અસ્લ હકીકત એ છે કે,

(બકીયાહ પેજ નં. ૭ પર)

**યૌમે કેયામત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શફાઅત સૌથી આઅલા હશે.**

## લફઝી કશ-મ-કશ




**✵ આડી તરકીબ :**

૨) આ ગમનાક હાદેસાની ખબર સાંભલીને દિલને ઘણો સદમો થયો. સદમાને શું કહે છે? (૩)

૪) નાના બચ્ચાં જેમ કોઈ મોટા _______ કરે તો તેને નાદાની કહેવાય છે. (૨)

૫) મૌ. ઈસા નબી ના તો _______ દેવામાં આવા હતા, ના તો કત્લ કરવામાં આવા હતા. (૨)

૬) મઝદૂર શખ્સ રોઝ મહેનત-મશક્કત કરીને પોતાનું ગુઝરાન ચલાવે છે. અપને અપની ઝબાનમાં મઝદૂરને શું કહીએ છીએ? (૩)


**✵ ઊભી તરકીબ :**

૧) જન્નતમાં મૌ. ઈમામ હસન (અ.સ.) વાસ્તે લીલા રંગનો મહેલ અલ્લાહતઆલાએ બનાવેલો છે અને આપના ભાઈ મૌ. ઈમામ હુસૈન (અ.સ.) વાસ્તે _______ રંગનો મહેલ બનાવેલો છે. (૨)

૨) જે મકાનમાં દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના મુબારક _______ ગુઝરે છે, તે જગા પર અલ્લાહતઆલા રહેમત અને બરકત નાઝિલ ફરમાવે છે. (૩)

૩) હર શખ્સમાં ખામી હોય છે, ઐબ હોય છે, _______ હોય છે. (૩)

૭) _______ યાદોંને જવાનોના દરમિયાન કહેવી અને દોહરાવવી તેમને ખાનદાનની હકીકત, કુરબાની અને બુનિયાદ તરફ લઈ જાય છે. (૨)




**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ☆

(પેજ નં. ૬ નું બાકી)

અલ્લાહતઆલા પોતાની ઝાતથી પોતાના હુકમને મખ્લૂક પર ઉતારનારો છે, જેની કુદરત અજીબ છે. જેનો હુકમ કોઈ હાલમાં રદ થઈ શક્તો નથી. જેની તાકતની કોઈ બંદિશ નથી. જેની મશયતમાં કોઈ રૂકાવટ નથી. જેના ફેસલામાં કોઈ ખલલ નથી.

ખયાલમાં લઈએ કે, જો તેનો કોઈ ભાગીદાર હોય તો બે માંથી કોઈ એક તેના કામમાં કામિલ હોય અને બીજો નાકિસ હોય. આમ હોય તો જ ભાગીદારી નિભે અને એકબીજાનો સહારો લઈને નામુકમ્મલ-અધૂરા કામોને પૂરા કરી શકે. આથી એક ચીઝ એ ઝાહિર થાય છે કે, બેવેની કુદરત અલગ-અલગ છે, કામોમાં હુશિયારી જુદી-જુદી છે. લેહાઝા, બેવે કોઈના કોઈ કામમાં નાકિસ છે, તો જ ભાગીદારીમાં અધૂરી ચીઝ પૂરી કરી શકાય છે. જો અગર બેવે કામિલ હોય તો ભાગીદારી થાય જ નહીં. બેવે ખુદાનું કામિલ હોવું અક્લ કુબૂલ કરતી નથી. બેવે કામિલ હોય તો પછી એકની બિલકુલ ઝરૂરત નથી.

અગર બેવે નાકિસ હોય તો બન્ને એકબીજાના ખુદા ના હોઈ શકે. **જો બેવે ખુદા જ નથી તો બેવેનો ખાલિક કોઈ અલગ જ છે**, જે એક છે, બેનિયાઝ છે, ના તેને કોઈ દીકરો છે ના તે કોઈનો દીકરો છે, તેના હમસર કોઈ જ નથી. આ ખાલિક અલ્લાહતઆલા છે. ☆

**૪૪ માં દાઈએ મુત્લક સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના ઝમાનમાં આપ મૌલા (ત.ઉ.શ.) ની તદબીરથી દાઅવતે શરીફહની લાઈબ્રેરીમાં સૌથી ઝિયાદહ કિતાબોની આમૈઝગી થઈ છે.**

**આ ઝમીન પર સૌથી આઅલા શહાદત મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
## કિસ્ત - ૪૭

**અલ્લાહતઆલાના હર ફેસલામાં મખ્લૂકની બહેતરી છુપાયેલી હોય છે.**

કુરઆને કરીમમાં આયાતે સુબ્હાનીયહમાં શુક્ર અને સબર એમ બેવે ચીઝોની ઝિક્ર આવેલી છે. અખ્લાકમાં આ બે એવી નાયાબ ચીઝો છે કે, જે ઈન્સાનની સીરતની ખૂબસૂરતીમાં ઈઝાફો કરે છે. ઈન્સાનની ઈઝ્ઝતો આબરૂ વધારે છે. ઈન્સાનને એક આઅલા મુમિનની સિફતમાં દાખિલ કરી દે છે. મગર, આ ચીઝોનું પાલન કરવું અને તેને પોતાની આદતમાં અને રોઝમર્રાના મુઆમેલાતમાં શામિલ કરવું કઈ આસાન વાત નથી.

“અલ્લાહતઆલા સબર કરનારને સાથે છે. તમેં સબર કરો જેમ અંબિયા સબર કરી ગયા છે. સબર કરનાર હમેશા અલ્લાહ પર ભરોસો રાખનાર હોય છે. સબર કરનારને જન્નતની બશારત છે. જે લોગો મુસીબતના વક્ત સબર કરે છે તે અલ્લાહના મહેબૂબ બંદા બને છે. સબર કરવું તે મગફેરત-તલબી તરફ લઈ જાય છે. સબરની દગર તે રાહે ઈબાદત છે.” આ તરહના મફહૂમની આયતો કિતાબુલ્લાહમાં હાઝિર છે. સૂરતુલ ફુરકાનની હમેં ઝિક્ર કરીએ તો તેમાં બયાન છે કે, “મુત્તકી લોગોને જન્નતના ઝરોખાઓ આપવામાં આવશે. **આ ઝરોખાની નેઅમત તેઓના સબર કરવાના સબબ હશે.** તાઅઝીમ અને સલામ સાથે જન્નતમાં તેઓનું ઈસ્તિકબાલ કરવામાં આવશે. એમાં તેઓ હમેશા રહેશે. તે જન્નત ઠહેરવા વાસ્તે અને રહેવા વાસ્તે બહેતરીન જગા છે.”

### કિસ્સો

અલ્લાહતઆલાએ મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) પર હુકમ સાદિર કીધો કે, “તમેં ફલાઁ દરીયાના કિનારે જાવ અને ફલાઁ જગા પર જઈને બેસી જાવ.” હુકમે ઈલાહી મુજબ આપ કિનારા પર ગયા અને થોડા જ વક્તમાં આપે અજીબો ગરીબ મંઝર જોયો. આપે જોયું કે, એક બુતપરસ્ત યાઅની પત્થરની પૂજા કરનારો તે જગા પર આવો. તેના હાથમાં એક નાની સોનાની મુર્તિ હતી. તેએ મુર્તિને ઝમીન પર મુકી અને તેના સામે સજદો કીધો. મૌ. મૂસા આ જોઈને ચોંકી ઉઠા અને દિલમાં કહેવા લાગા કે, અલ્લાહને છોડીને આ મલઊન શખ્સ આ કયો બદ અમલ કરે છે!! આપે પછી જોયું કે, તે બુતપરસ્ત શખ્સ તેના બુતના સાથે ગુફ્તગૂ કરવા લાગો. કહેવા લાગો કે, **“ અય મારા ખુદા! તું મને આજે આ તારા અઝીમ દરીયા માંથી તાઝી મચ્છીનું રિઝક ફરાહમ કર. ”**

આટલું કહીને તે શખ્સ તેના બુત આગલથી ઉઠી ગયો અને એક મોટી જાલ દરીયામાં ફેંકી. આ તમામ ચીઝ આપ મૂસા નબી જોઈ રહ્યા હતા. બુતના નઝદીક રોઝી વાસ્તે આ મુજબ તે શખ્સનું કહેવું તો એક બહાનું હતું. તેનું જાલનું ફેંકવું શું કે, અલ્લાહતઆલાએ દરીયાના મુઅક્કલ ફરિશ્તાને વહ્ય કીધી કે, આ કાફિર બુતપરસ્તની જાલને મચ્છીઓથી ભરી દે. હુકમે ઈલાહી મુજબ પૂરી જાલને મોટી-મોટી મચ્છીઓથી ભરી દીધી. કાફિરને થયું કે, **મારૂં બુત મારી ઈલ્તેજાને સાંભલે છે અને મારી મદદ કરે છે.** તેએ દોબારહ બુત નિકાલું અને કિનારા પર તેના સામે સજદો કરીને કહેવા લાગો કે, અય મારા ખુદા! તુંએ જેમ પહેલી વાર મારી જાલને તાઝી-તાઝી મચ્છીઓથી ભરી દીધી હતી તેમ બીજી વાર પણ ભરી દે. હું તારૂં આ અહેસાન કોઈ વક્ત નહીં ભૂલું.”

કાફિરનું આ બોલવું પૂરૂં થયું નથી કે, તે મુઅક્કલ ફરિશ્તા દોબારહ હુકમે ઈલાહી લઈને કિનારા પર નાઝિલ થયા. જેમ જ પાછી તે કાફિરે દરીયામાં જાલ નાખી કે, ફૌરન ફરિશ્તાએ પહેલા મુજબ જ જાલને તાઝી-તાઝી (બકીયાહ પેજ નં. ૯ પર)

**“ અલ્લાહ ” નો લફ્ઝ સૌથી ઝિયાદહ કુરઆને કરીમમાં ઈસ્તેમાલ થયો છે.**

(પેજ નં. ૮ નું બાકી)

મચ્છીઓથી ભરી દીધી. કાફિર આ જોઈને ખુશ-ખુશ થઈ ગયો. મૂસા નબી આ માજરો જોતા રહ્યા. બે વાર જાલ નાંખવામાં મચ્છીઓ એટલી બધી આવી ગઈ કે, એક મોટો ઢગલો થઈ ગયો. તેએ વિચારૂં કે, હું એકલો આ મચ્છીઓને ઉઠાવવાની તાકત રાખતો નથી. આ મારા બુતે એટલી બધી મારી મદદ કીધી છે તો હું તેને જ આ મચ્છીઓને ઉઠાવવાની અરઝ કરૂં. તેએ બુતના સામે ઝુકીને કહ્યું કે, **" અય મારા ખુદા! તું મને બે મોટા થેલામાં આ મચ્છીઓને યહૉંથી લઈ જાવામાં મદદ કર. "**

તેની અરઝ પૂરી જ થઈ કે, અલ્લાહતઆલાએ ફરિશ્તાને હુકમ કીધો કે, "તું હમણા બે થેલા લઈને કિનારા પર ઉભેલા તે કાફિર બુતપરસ્ત પાસે જા અને તે મચ્છીઓને ઉઠાવીને તેના ઊંટ પર નાખી દે." ફરિશ્તાએ હુકમની તાઅમીલ કીધી અને કાફિરનું કામ થઈ ગયું. મૌ. મૂસા જે ઘણા વકતથી સબર કરીને બુત અને તેના પુજારી બુતપરસ્તનો મુઆમેલો જોઈ રહ્યા હતા અને એક પત્થરનું બુત કઈ તરહ તેના માનનારનું કામ કરી આપતું હતું, તે મંઝર જોઈને આપ ખૂબ ગુસ્સામાં આવી ગયા. આપે બારગાહે ઈલાહીમાં અરઝ ગુઝારી કે, "અય અલ્લાહ! આ કેવો ઈન્સાફ છે કે, તારા સિવાય એક બુતને માનનાર શખ્સ જે કુફ્ર અને શિર્ક પર સવાર છે, તેને તું આ તરહ મદદ કરે છે?"

તે કાફિર તેના ઊંટ પર તેની રોઝી લઈને યાઅની મચ્છીઓથી ભરેલા થેલા લઈને ચાલો ગયો. તે બાદ મૌ. મૂસાએ જોયું કે, એક મરદે મુમિન અલ્લાહતઆલાની તસ્બીહ કરતો કરતો એક નાની જાલ લઈને કિનારા પર આવો. તેના પાસે એક ચટાઈ હતી તે બીછાવી. પાનીના નઝદીક ગયો અને નમાઝ વાસ્તે પાકો સાફ થયો. નમાઝ વાસ્તે કિબ્લારૂ થઈને બે રકાત નમાઝ અદા કીધી. નમાઝ પૂરી થઈ કે, તે મુમિન સજદામાં પડી ગયો અને દોઆ કરવા લાગો કે, **" અય અલ્લાહ! અય પરવરદિગાર! તું જાણે છે કે, હું અને મારી ઝૌજહ ત્રણ દિવસથી ફાકા કરી રહ્યા છે. મારા પાસે કોઈ નકદ-પૈસા નથી કે જેથી હું ઈફતાર વાસ્તે સામાન ખરીદી શકું. તો હું ઘણી ઉમ્મીદ સાથે આજે તારા ફઝલો કરમનો તલબગાર છું. તું આજે મને રિઝક અતા ફરમાવ. "**

મુમિનની દોઆ પૂરી થયા બાદ તેએ ખૂબ ઉમ્મીદ સાથે તેની જાલ દરીયામાં નાંખી. અલ્લાહતઆલા તરફથી તેના મુઅક્કલ ફરિશ્તાને હુકમ થયો કે, તે મરદે મુમિનની જાલથી તું મચ્છીઓને સેંકડો માઈલના ફાસલા પર દૂર કરી દે. લેહાઝા, મુમિને જાલ કિનારા તરફ ખેંચી તો તેમાં કંઈ જ હાથ ના આવું. મગર તે રહેમતે ઈલાહીથી નાઉમ્મીદ ના થયો. તેએ બીજા મરતબા જાલ નાંખી, તો ફરિશ્તાની તદબીરથી પહેલી વાર મુજબ જ જાલ ખાલી આવી. તે દોઆ કરતો રહ્યો. તીસરી મરતબા જાલ નાંખી તો એક નાની મચ્છી જાલમાં આવી. માજરો એવો બનો કે, **તે મુમિન તે મચ્છીને પકડવા ગયો કે ફૌરન તે ઉછલીને પાછી દરીયામાં કુદી ગઈ.** તે શખ્સ ઘણો ગમગીન થઈને અને અફસોસનાક થઈને ત્યાંથી ચાલો ગયો.

મરદે મુમિન સાથે આ દર્દનાક બિના જોઈને મૌ. મૂસાના ગુસ્સામાં ઔર ઈઝાફો થયો. આપના દિલમાં અલ્લાહતઆલા તરફથી કાફિર અને મુમિન વાસ્તે આ તરહના ફિકરઅંગૈઝ ફેસલા પર તરહ-તરહના સવાલો પૈદા થાવા લાગા. અલ્લાહતઆલા હરએક શખ્સના દિલથી આગાહ હોય છે. હઝરતે ખુદાવંદી તરફથી સવાલ થયો કે, અય મૂસા! આટલો શદીદ ગુસ્સો શું કામ? આપે અરઝ કીધી કે, અય મારા રબ! મને કઈ સમજ પડતી નથી. મારા દિલમાં અનેક સવાલો છે. ભલા! એક કાફિર જે તારો દુશ્મન છે, તેને રાહત અને એક મુમિન જે તારી તસ્બીહ કરે છે, તેને આફત પર આફત.

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**સૌથી આઅલા નમાઝ પઢવાનો સવાબ કાઅબતુલ્લાહના હરમમાં છે.**

(પેજ નં. ૯ નું બાકી)

હુકમે રબ્બાની થયો કે, "અય મૂસા! હવે યહાઁ કિનારાથી ઉઠી જાવ અને તે મારા બંદાના પાછલ-પાછલ જાવ. તમેં જાણી લો કે મારા અને મારા બંદાના દરમિયાન રહેમતનો રિશ્તો હોય છે. **તેના વાસ્તે શું ભલું અને બહેતર છે તેની મને ખબર હોય છે.** એ તમારૂં કામ નથી કે, આ રિશ્તાના દરમિયાન તમેં દખલગીરી કરો!" હુકમ મુજબ આપ તે બંદાના પાછલ જાવા લાગા. રસ્તામાં જંગલ આવું. અચાનક એક ઝાડીના પાછલથી શેર નમૂદાર થયો અને તે બંદા પર હમ્લાવર થયો અને તેને શિકાર બનાવી લીધો.

હમ્લાની આ કૈફીયત જોઈને મૌ. મૂસાને ચક્કર આવવા લાગા. મગર પોતાની ઝાતને સંભાલી અને જોયું કે, તે મરદે મુમિનની ત્યાં કોઈ નિશાની બાકી નથી, પણ ખૂનથી તરબતર તેના કપડા અને સામાન પડેલો છે. આ તમામ ચીઝોને સમેટીને આપ ચાલવા લાગા. જેમ જેમ મંઝિલ આવતી ગઈ તેમ તેમ તે મુમિનના સામાનથી તેના ઘરની તલાશો તફતીશ બાદ આપ આખિરકાર તેના ઘર પર પહોંચા.

પહેલા તો આપે યકીન કીધું કે, શું આ જ તે મુમિનનું ઘર છે? જે વક્ત ઘર તરફ નઝર કીધી તો આપે જોયું કે, તે ઘરની છત પડી ગઈ છે. આસપાસ રહેનારાઓએ કહ્યું કે, અય અલ્લાહના વલી! આ છત પડવાના સબબ તે મુમિનના તમામ અહલો અયાલ-ઘરવાલા દબાઇ ગયા હતા અને હવે કોઈ જ બાકી નથી. આ હકીકત જાણી મૌ. મૂસા પોતાની ઝાત પર તાબ ના રાખી શકા અને **ત્યાંથી ગઝબનાક થઈને પોતાના ઘર તરફ રવાના થઈ ગયા.** અય્યામો તક આપ બેકરાર રહ્યા અને અલ્લાહતઆલાના રાઝ-હિકમતના સિલસિલામાં સોચતા રહ્યા.

બે મહીના બાદ, બારગાહે ઈલાહીથી મૌ. મૂસાને હુકમ થયો કે, અય મારા નબી! ઉઠો, ફલાઁ જગા પર જાવ. અલ્લાહતઆલાએ તમારા વાસ્તે તેના ગૈબના દરવાઝા ખોલેલા છે. અય્યામો બાદ આ હુકમે ખુદાવંદી સાંભલીને મૂસા ખૂબ ખુશ થયા અને શિતાબથી તે જગા પર ગયા. નિદા આવી, **અય મૂસા આવો! જોવ તમેં આસ્માન તરફ.** તમારા વાસ્તે જન્નતના દરવાઝા ખોલવામાં આવેલા છે. જોવ તમેં તે મુમિન ઈબાદતગુઝાર બંદાને અને તેના અહલો અયાલને. જન્નતમાં તેઓ કેવી-કેવી આઅલામાં આઅલા ચીઝો કે જેનો વિચાર કોઈએ કીધો ના હોય, તેનાથી તે મુમિનને સરફરાઝ કરવામાં આવા છે. જો તે મુમિનને કે, તે તેના અહલ સાથે કેટલા ખુશ અને સુકૂનમાં છે. શું તમેં આવી નેઅમતો આ પહેલા ઝમીન પર જોઈ છે? મૌ. મૂસા બેકલામ થઈને મુમિનનો મરતબો જોતા જ રહ્યા.

બીજું ફરમાન આવું કે, અય મૂસા! હવે તમેં ફલાઁ જગા પર જાવ! આપ ત્યાં ગયા અને નિદાએ ગૈબ આવી કે, જોવ! તમારા વાસ્તે જહન્નમનું મૂઁહ ખોલવામાં આવું છે. આપે જે વક્ત જહન્નમનો નઝારો જોયો તો આપે તે કાફિર બુતપરસ્તને જોયો કે, જે જહન્નમની ધગધગતી આગમાં બલી રહ્યો છે. ચીસો પાડી રહ્યો છે. કોઈ તેને બચાવનાર નથી. દંખ મારનાર સાપ-વીછૂં જેવા દહેશતનાક જાનવરો તેને ઈઝા દઈ રહ્યા છે. તે પોતાના જિસ્મનું જ ખૂન પીને ભયાનક અઝાબમાં ગિરફ્તાર છે.

નિદાએ ગૈબ આવી કે, **અય મૂસા! આ છે મારો રાઝ અને આ છે મારી હિકમત.** તમેં એક ઈન્સાન હોવાના રૂએ ગઝબનાક તો થઈ શકો છો, મગર તમારી અક્લ અને તમારી આઁખોંમાં એ તાકત નથી કે, પડદા પાછલ છુપાયેલા મારા ફેસલા તક પહોંચી શકે. હવે, તમેં મને બતાવો કે, કઈ નેઅમતો આઅલા-અફઝલ છે? દુનિયાની કે પછી આખેરતની નેઅમતો! આ સાથે તમેં અય મૂસા! એ પણ સોચો કે, કઈ તકલીફ ઝિયાદહ સખત છે, દુનિયાની કે આખેરતની? મૌ. મૂસાને નઝદીક હવે કોઈ બીજો રસ્તો બાકી રહ્યો ન હતો. મગર એ કે, આપ ખૂબ રોયા, આહોઝારી કીધી, મગફેરત ચાહી અને તૌબા કરતા કરતા સજદામાં પડી ગયા.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**દુશ્મનાને હક્કના ખિલાફ જે હથિયારે સૌથી આઅલા જૌહર બતાવા તે ઝુલફિકારે મૌ. અલી (અ.સ.) છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો – કિસ્ત : ૧૮
### બદ લોગોથી બદી હાસિલ થાશે

ગંદકી-નાપાકી-બદબૂ-નજાસત આ તમામ ચીઝો ઈન્સાની તબીઅત અને મિઝાજને ખિલાફની ચીઝો છે. કોઈ તેને પસંદ કરતું નથી. દીનો દુનિયાના બધા જ ઊમૂર અને કામકાજમાં આ બધી નુકસાનદેહ ચીઝોને તર્ક કરવાનું, દૂર કરવાનું અને તેનાથી બચવાનું ફરમાન છે. રસૂલુલ્લાહ બાવાજી, રઈસુલ અંબિયા એક મજલિસમાં આપના અસ્હાબને દરમિયાન એક સવાલ કરે છે કે, "લોગોના રવૈયાની એવી કેવી કૈફીયત કે, જે લોગો ગંદકીથી દૂર રહેતા હોય, તેને નાપસંદ કરતા હોય તે જ લોગો બદી અને બદ-અખ્લાકને કેમ અપનાવે છે? બદ લોગોની સોહબત કેમ કરે છે? ગંદકી પર પાની નાંખશો કે તેને દફન કરશો કે તેને જલાવી દેશો તો તે દૂર થઈ જાશે, પણ આઅમાલ અને અખ્લાકની બદી ઘણી જ ખરાબ છે, **તે એક વાર લાગી જાય તો તેને દૂર કરવું દુશ્વાર બની જાય છે.** યહાઁ તક કે, એવા લોગો બદીના આ ભંવરમાં પોતાની દુનિયા અને આખેરતને બરબાદ કરી દે છે."

હવેના વક્તમાં તો સોહબત-કંપની-દોસ્તી રાખવામાં પણ ઈન્કેલાબ-બદલાવ આવી ગયો છે. દોસ્તી-મિલનસારી પણ બે તરહની થઈ ગઈ છે. એક રીઅલ છે અને બીજી વર્ચ્યુઅલ છે. રીઅલ સોહબત તે સાથે બેસીને રૂબરૂમાં નઝર સાથે નઝર મિલાવીને પૂરા અહેસાસાત સાથેની હોય છે. બદી અને ખરાબી ફૌરન માઅલૂમ થઈ જાય છે. **કૌન લાઈક છે અને કૌન લાઈક નથી તેની પહેચાન થઈ જાય છે.** આ મિસાલ ઘણી મશ્હૂર છે કે, તમેં અત્તરની દુકાને જાવ તો થોડી તો ઈતરની ખૂશ્બુ તમારા લિબાસમાં આવી જ જાશે. એ જ મુજબ તમેં કોલસાની ખાનમાં ઉતરો તો થોડી તો કાલેકી લિબાસ પર લાગી જ જાવાની. બદ દોસ્તો-લોગોની સોહબત-બેઠક, નઝરીયામાં, અમલમાં અને ખયાલાતમાં બદ અસરાત પૈદા કરે છે. તે બદીના આસાર અને નિશાની કોઈના કોઈ તરહથી, કોઈના કોઈ મૌકા પર ઝાહિર થઈ જ જાય છે.

વર્ચ્યુઅલ ફ્રેન્ડશીપે ઈન્ટરનેટના ઝરીએ એવી તો જાલ બિછાવેલી છે કે, જેમાં જવાનો આસાનીથી સપડાઈ જાય છે, તેની લુભામણી દુનિયામાં કૈદ થઈ જાય છે. જે કોઈ આ તરહની ફ્રેન્ડશીપનો અન-રિયલ મઝા ચાખે છે તે પછી રિયલ સોહબતને ભુલતા જાય છે. ફાયદાના સામે ગૈર-ફાયદા ઘણા છે. રિયલ મુલાકાતોને બદલે દોસ્તી ફક્ત કોમ્પ્યૂટર યા મોબાઈલના સ્ક્રીન-બટન તક મહેદૂદ થઈને રહી જાય છે. કલાકો સુધી મેસેજિંગ કે ચેટીંગથી કોઈ બહેતર ફાયદાકુન નતીજો આવતો નથી. **કોઈ પણ વક્ત પર, કોઈ પણ હાલતમાં અને કોઈ પણ જગા ઉપર આ તરહની વર્ચ્યુઅલ સોહબત થઇ શકે છે.** જે અમુક વક્ત ખતરનાક સાબિત થાય છે. કોઈ સોચી શકતું નથી કે, આજે સ્માર્ટફોનના વક્તમાં આ તરહની દોસ્તી-સોહબતની બદી અને બરબાદીની શું ઈન્તેહા હોઈ શકે.

જેના ઓનલાઈન દોસ્તો બની ગયા છે, તે અલગ જ દુનિયામાં વસે છે. ઘણી વાર માઁ-બાપને પણ અંદાઝો હોત નથી કે, બચ્ચાં આ મુજબ કોઈ અજનબી સાથે દોસ્તી કરીને કઈ હદ તક જાય છે. ને જે વક્ત ખબર પડે છે તો ઘણું મોડું થઈ ગયું હોય છે. ઓનલાઈન ફ્રેન્ડશીપ અને વર્ચ્યુઅલ રીલેશનશીપની આદત રાખનારા ઘરવાલા સાથે, પડોશીઓ સાથે, સોસાયટીના લોગો સાથે, સ્કૂલ યા કોલેજના દોસ્તો સાથે, બૈરો-બચ્ચાં સાથે વાતચીત કરવાનું મુકી દે છે. કરે છે તો પણ ફોર્માલીટી ખાતિર. તેનું દિલ અને દિમાગ મોબાઈલની સ્કીન પર કૈદ થઈ ગયું હોય છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **" જે મુજબ કોઈ ઝમીનમાં બીજ વાવે તે જ મુજબ તે પૌદાના ફલ**

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**સૌથી નાપસંદીદહ અમલ કોઈ પણ ચીઝમાં ફિત્ના-ફસાદ કરવું છે.**

## સૈ. અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ અશ-શહીદ (આ.કુ.)

સારે મુમિનોં કે દુખ :દર્દ મિટ જાએંગે,
જબ મસીહા મેરા બેનકાબ આએગા.
ઉઠકે રોઝે સે જબ આફતાબ આએગા,
ઈન્કેલાબ આએગા, ઈન્કેલાબ આએગા.
બાગે ફિરદૌસ કી ખુશબૂઓં કી કસમ,
બાગે અલી મેં તાઝા ગુલાબ આએગા.
કહીએ, કેહ દૂં યૂસુફ કે જમાલ કી કસમ,
ફિર પલટ કે અલી કા શબાબ આએગા. ☆

## મજલિસે દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.)

વો ક્યા સમઝે જો બઝમે દાઈ મેં આયા નહીં કરતેં,
હકીકત મેં વો લુત્ફે ઝિંદગી પાયા નહીં કરતેં,
જો સમઝેં હૈં, સમઝતેં હૈં, સમઝને વાલે દાઈ કો,
કભી ભી વો સફે ઈબ્લીસ મેં જાયા નહીં કરતેં,
કે તુમ કરતેં રહો મિદહત હમેશા દાઈ કી ઝાકિર,
યે વો પૂંજી હે જિસકો ચોર લે જાયા નહીં કરતેં. ☆

---

કલમ યે કહેતા હે દુનિયા કે હર મુઅર્રિખ સે,
યે મોઅજિઝા મુઝે કૈસા દિખાઈ દેતા હે,
મૈં લિખ રહા હું મનાકિબ અલી કી સદીઓ સે,
મગર વરક અભી સાદા દિખાઈ દેતા હે.

બેઠા હે રાસ્તે મેં ક્યૂઁ હિમ્મત કો હાર કે,
ઓ બદ-નસીબ દેખ અલી કો પુકાર કે,
મરહબ કા કત્લ ભી કોઈ ખયબર મેં કત્લ થા,
ફૈંકા હે ઝુલફિકાર કા સદકા ઉતાર કે.

હક્ક સે અલી અલી સે કભી હક્ક જુદા નહીં,
યાઅની અલીયો હક્ક મેં કોઈ ફાસલા નહીં,
આજિઝ હુવા તબીબ યે કહે કર ઈલાજ સે,
બુઝે અલી કે દર્દ કી કોઈ દવા નહીં. ☆

## તિજારત


યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

---

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

---

**હજારીવાલા મોબાઇલ**
અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯
અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪
**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**
નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા,
વાડી ટાવર, વડોદરા. ☆

---

**એ-વન બ્યુટી પાર્લર**
**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ☆

---

**મકાન ભાડે આપવાનું છે :**
રૂકૈયા મંઝિલ, પહેલા માળે, બદરી મોહલ્લા, વાડી.
પાણીનું સ્વતંત્ર કનેક્શન, પાણીની મોટર, ટાંકી,
ઈલેક્ટ્રીક મીટર, ટોયલેટ, વાસણની ચોકડી.
**મોઇઝભાઇ લાલા - મો.: ૯૭૨૪૬૧૯૦૪૫** ☆


**સૂરતુલ ફાતેહા સૌથી ઝિયાદહ નમાઝમાં પઢાય છે.**

## ૪૦ માં દાઈયુલ મુત્લક સૈયેદના અમીરૂદ્દીન સાહેબ (આ.કુ.)

**ઉર્સ મુબારક : ૨૦ ઝુલહિજ્જહ (અપની ઝબાન)**

✺ આપ મૌલાનો લકબ “અમીનુદ્દીન” અને નામ “અમીરૂદ્દીન” છે. આ બેવે ચીઝોમાં ઝિયાદહ ફરક નથી. એકમાં “નૂન” છે તો બીજામાં “રા” છે. “અમીન” ની માઅના અમાનતદારની છે અને “અમીર” ની માઅના સરદારની છે. આપ બેશક અમાનતદારીના સરદાર છે અને મુમેનીન આપની કબ્રે અન્વર પર સર ઝુકાવીને આપસી હાજિતના તલબગાર થાય છે. આપના રૌઝહ મુબારકહ જન્નતુલ મુમેનીન કબ્રસ્તાનના બરાબર દરમિયાનમાં છે. આપના બાવાજી સાહેબ સૈ. મુફીદુદ્દીન સાહેબ (આ.કુ.) અને આપ ખુદ કબ્રસ્તાનમાં મદફૂન છે, મગર આપના ફરઝંદે બાકમાલ સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) બુસ્તાને બદરીમાં મદફૂન છે. આપના રૌઝહ મુબારકહ કબ્રસ્તાનના દરમિયાનમાં છે. ગોયા કે, આપ પૂરા કબ્રસ્તાનની સરદારી કરી રહ્યા હોય.

✺ આપ મૌલાને એક દીકરી કૈયમબુ હતા અને બે દીકરાઓમાં સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) અને ભા. સા. હસનભાઈ હતા. કૈયમબુને પૂરી જમાઅતના મુમેનીન ફઈજી સાહેબાના નામથી શનાખ્ત કરતા હતા. સૈ. ફખરૂદ્દીન સાહેબનું આપના આ બહેન સાથે ખૂબ બનતું હતું. આપ મૌલાના ઝૌજહ માઁ સાહેબા કીબૂ બિન્તે શમ્સુદ્દીન અને આપના દુખ્તર કૈયમબુની તદબીરો કોશિશથી મુમેનાત બૈરોમાં હુનર, કારીગરી, ઘરકામ, સીવન, કપડાની ઝીનત, અદબ, તહેઝીબ, બોલચાલ વગૈરહનો સૂરજ તુલૂઅ થયો. આ માઁ સાહેબાએ બૈરોને ઢંગના કપડા, તેને રિદા, ખૈસ, મકનો, ચાદર અને હયા-શરમથી ઝિંદગી કિમ ગુઝારવી તેની ખૂબ-ખૂબ તાઅલીમ આપી.

✺ ફઈજી કૈયમબુની કબ્રે મુબારક આપના બાવાજી સાહેબ સૈ. અમીરૂદ્દીન સાહેબના રૌઝહને બાહર ડાબી બાઝૂમાં છે. ફઈજી, સૈ, ફખરૂદ્દીન સાહેબ કરતા ઉંમરમાં મોટા હતા, લેહાઝા ઘરમાં અને મદ્રસામાં ફઈજીનો રોઅબો જલાલ ઘણો હતો. એમના હાથ પર સૈ. ફખરૂદ્દીન સાહેબ મોટા થયા. દાઅવતે શરીફહના તમામ ઊલૂમ-ફુનૂનમાં સૈ. ફખરૂદ્દીન સાહેબની આપના બાવાજી સાહેબે આઅલા પૈમાના પર તરબીયત કીધી. નાની ઉંમરમાં આપે આપના દીકરા કે, જે દાઈના મન્સબ પર આવનાર હતા તેમને પૂરા કુરઆને કરીમ હિફઝ કરાવા. તાવીલો હકીકતના કિતાબો એ તરહ પઢાવા કે, હિ. ૧૨૯૪ માં આપે અને આપના ફરઝંદે સાથે મિલીને દાઅવતના બે આઅલા કિતાબ તહેરીર ફરમાવા. તે છે, કિતાબ સિમતુલ હકાઈક અને કિતાબુલ અઝહાર. આ બેવે કિતાબો યમનમાં તસ્નીફ થયેલાચ. પહેલો કિતાબ હિ. ૬૧૫ માં અને બીજો કિતાબ હિ. ૯૪૫ માં અપના દોઆતોએ લિખેલાચ.

✺ આપ મૌલાના ઈન્તેકાલના વક્ત આપની ઈતલી ઉમ્રરસીદગી ન્હોતી. આપની ઉંમર ૫૦ સાલને કરીબ હતી. હિ. ૧૨૯૬ માં આપ આ દારે ફાનીને છોડીને દારે બકા તરફ તશરીફ લઈ ગયા તે વક્ત સૈ. ફખરૂદ્દીન સાહેબની ઉંમર ૨૬ સાલની હતી. આપે આપના ફરઝંદને એ મુજબ ઉર્દૂ-અરબી-ફારસીની તાઅલીમના જૌહરથી સરફરાઝ કીધા હતા કે, મોટા-મોટા બુઝુર્ગ શીઆ-સુન્ની આલિમો સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) થી મુલાકાતનો શૌક રાખતા હતા. ઈલ્મી મુઝારેકાત અને બેઠકો-મજલિસો થાતી રહેતી હતી. શીઆ આલિમ હકીમ સાહેબ આપના ઈલ્મના કાઈલ હતા અને આપના સાથે ગહેરા તઅલ્લુકાત હતા.

✺ આપ મૌલાએ આપના ફરઝંદે હોનહારની મદદ અને હિમ્મતથી જ મોહર્રમુલ હરામમાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતે મુબારેકહ વાસ્તે આહોઝારી અને માતમની મજલિસની ઈબ્તેદા કીધી. જમાઅતમાં જેટલા પરહેઝગાર બુઝુર્ગો હતા, નામવર અને સખી મુમેનીન હતા તે સઘલાને મહેફિલમાં જગા આપીને મજલિસે મોહર્રમ આરાસ્તા કીધી. તે વક્તથી આજ તક આ તરીકએ હુસૈનીયહ જારીયહ છે.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**વડોદરા શહેર દાઅવતે શરીફહના મરકઝ તરીકે સૌથી ઝિયાદહ મુદ્દત તક રહ્યું છે.**

## ભુલવાની મુસીબત – અપની ઝબાન

કારેઈન-મુહ્ફેકીન અપને ઘની વાર ઈમ શિકાયત કરીએચ કે, **"અરે! આ તો મેં ભુલી જ ગયો. યાદ જ ના રહ્યું." "જો! લાવતા લાવતા રહી ગયું." "કાઢીને મુકેલું પન લાવો જ ના."** આ તરહના જુમ્લા અપની ઝબાનસી અદા થાઈચ. ઈમ નઈ કે ફક્ત બુઝુર્ગનો આ હાલ છે. આજના ટેન્શનના વખતમાં જવાનો પન આ બીમારીના ચુંગલમાં ફસાયેલાચ. યાદ રહેતું નથી. કોઈને આપેલો વાઅદો ભુલી જવાઈચ. હદ તો તે છે કે, ગઈકાલની વાત આજે યાદ રહેતી નથી. ગરમીના સબબ જેમ પાની હવામાં ગાયબ થઈ જાઈચ તેમ કામની ગહેમાગહેમી અને ખેંચતાનથી યાદ રાખવા જેવી વાતો દિમાગ માંથી ઉડી જાઈચ.

મગર અપની શરીઅતે આનો ઉમ્દા નુસ્ખો બતાવેલોચ. અપને કહીએચ કે, અપના દીનમાં હર તકલીફ વાસ્તે રસ્તા મૌજૂદ છે. ભુલી જાવું તે આલિમ વાસ્તે આફત છે. **ઈલ્મ રાખનાર શખ્સ જો સહી વક્ત પર કોઈ નુક્તું ભુલી જાય તો તે તેના વાસ્તે બહુ મોટી શરમિંદગી છે.** અપના પાઁચમાં ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવેચ કે, તન (૩) અમલ ભુલી જાવાની મુસીબતને દૂર કરેચ. યાદદાશતની કૂવતને વધારેચ. આ ચીઝો ખૂબ-ખૂબ ફાયદામંદ છે.

૧) રોઝ **કુરઆને હકીમની તિલાવત કરવી.** અપને હર વખત અપના બચ્ચાઓને કહેતા હોઈએચ કે, "બચ્ચાં! ફજરમાં કુરઆન પઢો તો અલ્લાહ તમારા ચહેરા અને ઝહેનમાં નૂર આપશે." આ ચીઝ ફક્ત નાના બચ્ચાઓ વાસ્તે નથી પન તમામ વાસ્તે છે. આ અમલથી ઈમાનદારનું ઝહેન તેઝ થાઈચ.

૨) રોઝ ફજરમાં ઉઠીને **દાતન કરવું.** આ અમલ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નત માંથી છે. સાયન્સદાનો હવે ૧૪ સદીઓ પછી આ ચીઝને રીસર્ચ કરીને સાબિત કરી રહ્યાચ. દાંતોનો તઅલ્લુક દિમાગી હિલચાલ સાથે છે. જો દાંતોમાં સેહત હસે તો તે જ મુજબની તેઝી દિમાગમાં હસે.

૩) **રોઝા રાખવા.** યાઅની કે ભુખા-પ્યાસા રહેવું. રોઝાની હાલતમાં ઝહેન ઠંડું અને પુખ્તા થાઈચ. આ જ ચીઝ ગુસ્સાને મારી નાખેચ. જેમાં ગુસ્સાની ગરમી અને ઝનઝનાહટ નથી તે દિમાગ બાસુકૂન અને ઠહેરેલું છે. આના વાસ્તે જ એક સાલમાં ૩૦ અય્યામ રોઝા રાખવાને ફરઝ કરવામાં આવુંચ. ✩

---

(પેજ નં. ૧૧ નું બાકી)

**અને ફૂલ આવે છે. લેહાઝા, જે તરહથી તું બીજા સાથે સોહબત કરીશ, વેપાર કરીશ, વહેવાર કરીશ યા દોસ્તી રાખીશ તે જ મુજબ તુંને તેનાથી ફાયદા કે નુકસાન થાશે."** કોઈ લીમડો વાવે તો કઈ તેનાથી કેરીની ઉમ્મીદ ના રખાય. લીમડાના ફલ કડવા હશે અને આંબાના ફલ મીઠા હશે. બેવે દરખ્ત જ છે પણ તે બેવેના બીજ અલગ-અલગ છે. દોસ્તી-સોહબત તો બધા જ કરે છે, પણ કઈ દોસ્તી ખૈર-નૈકી પર છે અને કઈ શર-બદી પર છે તે તો જે વક્ત તેનો અસર દેખાય તો જ ખબર પડે.

ખુદાતઆલાનો લાખ-લાખ શુક્ર છે કે, અપના દરમિયાન સાહેબે દાઅવત આપેલા છે જે સાહેબે ઈલ્મો હિકમત છે. અપને હર વક્ત આપની સોહબત અને મુલાકાત કરવાની તદબીર કરવી જોઈએ. **ઈલ્મી ગુફતગૂ વાસ્તે અપને આગલ જાવું જોઈએ.** ફક્ત પાઁચ મીનીટની ઈલ્મી ગુફ્તગૂ પાઁચ કલાકની બેકારની બહેસ પર ભારી છે. ખુદા અપને ઈલ્મો અમલની સોહબત ઈખ્તિયાર કરવા પર તૌફીક બખ્શે. ✩

---

**✻ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ કોઈ મુમિનને પાનીનો એક ઘૂંટ પીરાવશે કે જેએ કોઈ પણ તરીકાથી બંદોબસ્ત કીધો હોય, તો અલ્લાહતઆલા તે શખ્સને હરએક ઘૂંટના એવઝમાં સિત્તેર હઝાત નૈકીઓ અતા ફરમાવશે. શાયદ કે તે શખ્સના નઝદીક પાની મયસ્સર ના થયું અને તેની જગા પર કોઈ બીજી ચીઝનો બંદોબસ્ત મુમિન વાસ્તે કીધો તો અલ્લાહતઆલા તેન દસ ગુલામ આઝાદ કરવાનો સવાબ અતા ફરમાવશે. ✩**

**૩૭ માં દાઈ સૈયેદના શૈખઅલી સાહેબ (આ.કુ.) ની દાઅવતની મુદ્દત ૫૯ સાલ તક સૌથી ઝિયાદહ રહી છે.**

# દરસે કુરઆને કરીમ

## સૂરતુલ બકરહ : ૧૮, ૧૯ અને ૨૦

૧૮) મુનાફિક લોગો કઈ તરહના હોય છે કે, કાન હોવા છતા તેઓ બહેરા બની જાય છે, ઝબાન હોવા છતા તેઓ ગુંગા બની જાય છે અને આઁખોં હોવા છતા તેઓ અંધા બની જાય છે. બહેરા, ગુંગા અને અંધા એટલા માટે તેઓ બની જાય છે કે, હક્કના સાહેબ વાસ્તે તેઓમાં બનાવટી ઈમાન હોય છે. તેનો તેઓ હર વક્ત જૂઠો ઈઝહાર કરે છે. બીજા લોગો સાથે આ બાબત મકરબાઝી કરે છે. આ અપાહિજપણાના સબબ તેઓ અલ્લાહતઆલાની બારગાહે રહેમત તરફ નહીં વલી શકે. મુનાફિકોના દિલો ઝિંદા ના હોવાથી તેઓની **સાચું બોલવાની, હકીકત સાંભલવાની અને અચ્છાઈ જોવાની** તાકત ચાલી જાય છે. મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વલાયત-મહબ્બત મુકનાર લોગો પણ અપાહિજ થઈ ગયા હતા. અલી મૌલાને ઘરે બેસાડીને મિમ્બરે મોહંમદી પર નાહક્ક કબ્ઝો કરનાર લોગોએ સરદારી કરીને ઉમ્મતના જાહિલ લોગોને બહેરા, ગુંગા અને આંધલા બનાવી દીધા. ઈમાનમાં ખરાબી આવવાથી તેઓ ઝાલિમ બની ગયા અને આજ તક અલીવાલાઓ પર ઝુલ્મ જારી જ છે.

૧૯) યહાઁ મુનાફેકીનના હાલાતને સમઝાવવા બારિશની મિસાલ કાફી છે. આ બારિશ અલ્લાહના હુકમો ફરમાનથી આસ્માનથી ઝમીન પર પડે છે. આ બારિશ આમને આમ નથી આવતી. તેમાં અંધારીઓ, કાટકા અને વિજલી હોય છે. દિલોમાં ખૌફ પૈદા કરનારો આવાઝ હોય છે. એવો આવાઝ કે કાન ફાડી નાંખે. આ દહેશતનાક આવાઝને સાંભલીને મુનાફિકો પોતાના આંગલાઓને કાનોમાં નાંખી દે છે. સબબ કે, વાદલાનો ખડખડાટ અને વિજલીઓનો ધમધમાટ તેઓને સતાવે છે. **આ માહૌલ જાણે મૌત સામે લાવી દે છે.** મૌતથી મરવાનો ડર પણ તેઓના કરારને છીનવી લે છે.

આ મિસાલ આપીને અલ્લાહતઆલા તેની કુદરતનો એક પરચો પૈશ કરે છે. કહે છે કે, અય કાફિરો-મુનાફિકો આ જ તરહની મારી નિશાનીઓથી હું તમને ઘેરી લઈશ. વાદલોનું અંધારૂં અને ગાજવીજ સાથેનો વરસાદ તો તમે બરદાશ્ત કરી શકતા નથી અને આટલી જ ચીઝ તમારામાં મૌતનો ડર લાવવા કાફી છે, તો ખયાલ કરો કે, તમારી નાફરમાની અને બનાવટ તમારા અમલો પાડી નાખશે અને યૌમે કેયામત તમને કોઈ બચાવનાર નહીં મિલે તે વક્ત તમારી શું હાલત થાશે?

૨૦) અલ્લાહતઆલા વિજલીને "બર્ક" નું નામ આપે છે. પલભર ચમકારો થાય, રોશની ફેલાય અને પછી પાછું ઘોર અંધારૂં થઈ જાય. બર્કની મિસાલ ઈમાનના જલ્વા અને ચમકારા પર છે. કોઈને ઈમાનમાં દાખિલ કરવો હોય તો આ મુખ્તસર ચમકારો જ કાફી છે. જે વક્ત વરસાદી ફિઝા પૈદા થાય છે તો કરીબ છે કે, આસ્માની વિજલી તે મુનાફિકો-કાફિરોની આઁખોંની રોશની ખત્મ કરી દે. આંધલા બનાવી દે. નૂરથી બેનૂર કરી નાંખે. તેઓ વાસ્તે નૌબત એવી આવે કે, જે વક્ત પણ વિજલીનો ચમકારો થાય તો એ ચમકારા જેટલું જ તેઓ ચાલે અને જે વક્ત અંધારૂં પાછું પહેલા જેવું છવાઈ જાય તો તેઓ ઊભા થઈ જાય. ખૌફના સબબ એક ડગલું પણ આગલ ના વધે. **અલ્લાહતઆલાના હાથમાં તમામ ચીઝ ઉપર કુદરત છે. તેઓની આઁખ અને કાનની તાકત ખેંચી લે અગર તે ચાહે.**

અલ્લાહતઆલા પોતાની તાકતને હર ચીઝની તકદીર સાથે જોડે છે. ઈન્સાની તદબીર જો ઈલાહી તકદીર સાથે મિલે તો તે શખ્સના દરજા બલંદ થાય છે. વિજલીનો મુખ્તસર ચમકારો હર કોઈ વાસ્તે તેની ઝિંદગીનો સુનેહરો મૌકો છે. જો આ ચમકારામાં તેની રોશનીના સહારે ઈમાનમાં આગલ વધાતું હોય તો તે બહેતર છે. નહીં (બકીયાહ પેજ નં. ૪ પર)

**આલે મૌલાઈ નૂહજી (રિ.અ.) ની નસ્લે પાક માંથી સૌથી ઝિયાદહ દોઆત થયા છે.**

(પેજ નં. ૧૦ નું બાકી)

મુમેનીન કારેઈન! આ કહાનીને પઢા બાદ હમને એવો અહેસાસ થાશે કે, હમારા સાથે પણ આ ચીઝ બને છે. ઘણાની ઝબાનથી હમેં સાંભલીએ છીએ કે, ઈબાદતગુઝારી અને પરહેઝગારી કરવાના બાવુજૂદ **હમને આ તરહનું દર્દ, બીમારી, તકલીફ, તંગદસ્તી, બદહાલી યા કરઝદારી શું કામ?** હમેં તો કોઈ ગુનાહમાં છે જ નહીં! હમેં તો કોઈનું બુરૂં કીધું જ નથી! આનાથી બરખિલાફ જે કોઈ દીનમાં નથી, ઈબાદત સાથે તેનો તઅલ્લુક નથી અને ગુનાહ કરવું જ તેનો પૈશો છે, તેને રાહત, દૌલત અને ઐશૌ આરામ કેમ!

તો મુમેનીન, આ પૈચીદગીનો જવાબ ઉપર મઝકૂર કહાનીથી ઝરૂર મિલશે. આપને ઈત્મિનાન થાશે કે, જેટલી આફત-બલા આ દુનિયામાં બરદાશ્ત કરીશું તેટલી જ ખુશી અને રાહત હમને આખેરતમાં નસીબ થાશે. દુનિયાની રાહતો દૌલત આખેરતને બિગાડી શકે છે પણ **યહાઁની તકલીફો બલા આખેરતને ઝરૂર ઝીનત બખ્શે છે** અને મરતબા વધારે છે. હમારા વાસ્તે તો ઈમામુઝ્ઝમાન (અ.સ.) અને દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની મહબ્બતો ઉલ્ફત જ આઅલામાં આઅલા જન્નત છે કે, જેને અલ્લાહતઆલાએ હમને નસીબ ફરમાવેલી છે. ☆

(પેજ નં. ૧૩ નું બાકી)

❋ આપના ઝમાનમાં ઘની તંગદસ્તી અને રોઝીની તકલીફ હતી. આપની માંડવી પર એક દુકાન હતી. આપ ખુદ પાઘડી વનતા હતા. જૂની દેવડી પર તે વાસ્તે ચૌખટ પન હતી. ગાયકવાડી પાઘડી પર સુનેહરી કસબ ચઢાવવાની અપની જમાઅતના મુમેનીનની કારીગરી હતી. આ કારીગરીની બુનિયાદ આપ મૌલાએ મુમેનીનની રોઝી વાસ્તે નાંખી હતી. ☆

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો - ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ☆

## સાહિલ નહીં મિલતા

યે કિસ્મતને કેહ દીયા કે રહેબરે કામિલ નહીં મિલતા,
જો નાકાબિલ જહાઁ મેં હે, ઉસે કાબિલ નહીં મિલતા,
વલાએ દાઈ સે તો મુન્કિરોં કી બસ યે હાલત હે,
કે સાહિલ પર ખડે હૈં ઔર ઉન્હેં સાહિલ નહીં મિલતા. ☆

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.